## નર્મદા જિલ્લા પંચાયતમાંથી ભાજપનો સફાયો, આમ આદમી પાર્ટીએ ૨૨ માંથી ૧૫ બેઠકો કબજે કરી

# નાંદોદ - તિલકવાડા તાલુકા પંચાયતમાં ભાજપની જીત

### નર્મદા જિલ્લા પંચાયત સહિત ડેડિયાપાડા, સાગબારા, ચીકદા અને ગરૂડેશ્વર તાલુકા પંચાયતની સત્તા આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી આંચકી

રાજપીપળા,તા.૨૮

નર્મદા જિલ્લા પંચાયત સહિત અન્ય ૬ તાલુકા પંચાયતની ચુંટણી માટેની માંગ ગણતરી ચુસ્ત પોલીસ વચ્ચે જે તે તાલુકામાં ચાલુ કરવામાં આવી હતી.મતગણતરીને અંતે નર્મદા જિલ્લા પંચાયત માંથી ભાજપનો સફાયો થઈ ગયો છે અને આમ આદમી પાર્ટીએ ૨૨ માંથી ૧૫ બેઠકો કબજે કરી બહુમત મેળવ્યો છે.નર્મદા જિલ્લાની ફક્ત સમ ખાવા પૂરતી નાંદોદ અને તિલકવાડા તાલુકા પંચાયતમાં ભાજપની જીત થઈ છે જ્યારે ડેડિયાપાડા, સાગબારા, ચીકદા અને ગરૂડેશ્વર તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીને પૂર્ણ બહુમત પ્રાપ્ત થયો છે.

નર્મદા જિલ્લા પંચાયતની વાત કરીએ તો કુલ ૨૨ બેઠકો માંથી આમ આદમી પાર્ટીને જાવલી, ખોપી, ચીકદા, આંબાવાડી, મંડાળા, ડેડીયાપાડા -૧, ડેડીયાપાડા-૨, ગરૂડેશ્વર, નઘાતપોર, કેવડીયા, ખડગદા, મોરજડી, માલ સામોટ, સેલંબા, સાગબારા બેઠકો પર આમ આદમી પાર્ટી જ્યારે ભાજપે આમલેથા, પ્રતાપનગર, ભદામ, વડિયા, તિલકવાડા, દેવલીયા અને અગર બેઠકો પર ભાજપે જીત મેળવી છે.અત્રે એ ઉલ્લેખનીય છે છે નર્મદા જિલ્લા પંચાયત સહિત જિલ્લાની તમામ તાલુકા પંચાયતો ગત વખતે ભાજપ પાસે હતી જેમાંથી નર્મદા જિલ્લા પંચાયત સહિત ડેડિયાપાડા, સાગબારા, ચીકદા અને ગરૂડેશ્વર તાલુકા પંચાયતની સત્તા આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી આંચકી લીધી છે. તાલુકા પંચાયતની વાત કરીએ તો નાંદોદ તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો માંથી ભાજપ-૧૩, આપ -૪ છે.અને કોંગ્રેસ-૦ તથા તિલકવાડા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક માંથી ભાજપે-૧૩, આપે-૦૦, કોંગ્રેસે-૦૩ તથા ડેડીયાપાડા તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠક માંથી ભાજપે-૦૧, આપે-૧૭, કોંગ્રેસે-૦૦ તથા ચીકદા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક માંથી ભાજપે-૧, આપે-૧૫ તથા સાગબારા તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠક માંથી ભાજપે-૫, આપે-૧૩, કોંગ્રેસે-૦૦ તથા ગરુડેશ્વર તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક માંથી ભાજપે-૦૩ અને આપે-૧૩ બેઠકો મેળવી છે.

### ડેડિયાપાડામાં હર્ષ સંઘવીની બે સભા છતાં કશો ફેર ન પડ્યો

સ્થાનિક સ્વરાજની ચુંટણી પેહલા નર્મદા જિલ્લાના ઘણા આમ આદમી પાર્ટીના કાર્યકરો ભાજપમાં આવ્યા હતા. તો બીજી બાજુ એક સમયે ચૈતર વસાવાના સાથી પ્રફુલ વસાવા અને રાજ વસાવા પણ ભાજપમાં આવ્યા હતા એ લોકોના ભાજપમાં આવવાથી ભાજપને કોઈ ફાયદો થયો નથી.તો બીજી બાજુ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ ચૂંટણી પેહલા ડેડિયાપાડામાં ૨ મોટી સભાઓ કરી તે છતાં આમ આદમી પાર્ટીએ જીત મેળવી હતી.ત્યારે કહી શકાય કે હર્ષ સંઘવીની પણ મેહનત માથે પડી છે.

### પતિદેવ જીત્યા તો પત્નીને હારનો સામનો કરવો પડયો

નાંદોદ તાલુકા પંચાયતની ભચરવાડા બેઠક પર ચંદ્રકાંત કંચનલાલ પંચાલની જીત મેળવી હતી જ્યારે આમલેથા તાલુકા પંચાયતની બેઠક પરથી જ્યોતિકાબેન પંચાલની હાર થઈ છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે બન્નેએ કોંગ્રેસના મેન્ડેટથી ચૂંટણી લડી હતી

## રાજપીપળા નગરપાલિકામાં કોંગ્રેસ-આપના સુપડા સાફ

રાજપીપળા,તા.૨૮

રાજપીપળા નગરપાલિકાના ૭ વોર્ડ માટેની ૨૮ બેઠકોની મતગણતરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રાજપીપળાની આદર્શ નિવાસી શાળા ખાતે યોજાઈ હતી. જેમાં ભાજપે નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત ૨૮ માંથી ૨૫ બેઠકો પર જીત મેળવી સ્પષ્ટ બહુમત મેળવ્યો છે.તો બીજી બાજુ ફક્ત ૩ જ અપક્ષ સંભ્યો ચૂંટાઈ આવ્યા છે.રાજપીપળામાં ભાજપનો ઐતિહાસિક વિજય થતા કોંગ્રેસ-આપ ના સુપડા સાફ થઈ ગયા છે.આઝાદી પછી પ્રથમવાર કોંગ્રેસ 'ઝીરો' પર સમેટાઈ છે.રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ આ ભાજપની અત્યાર સુધીની સૌથી મોટી જીત માનવામાં આવી રહી છે.રાજપીપળા નગરપાલિકામાં વોર્ડ નં.૩ માં જંગ રસપ્રદ રહ્યો હતો, જેમાં ભાજપને ૧ બેઠક મળી છે જ્યારે ૩ બેઠકો અપક્ષના ફાળે ગઈ છે.


### ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

પંચાયત સેવા વર્ગ–૩ ના લેબૉરેટરી ટેકનીશિયન, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરૂષ), જુનિયર ફાર્માસિસ્ટ તેમજ ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગની ટૂંકી જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પંચાયત સેવા વર્ગ–૩ની નીચે પત્રકમાં દર્શાવેલ ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા.૨૦/૦૫/૨૦૨૬ દરમ્યાન ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર નિયત સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ સામાન્ય વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી SBI E–Pay ના માધ્યમથી તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા.૨૦/૦૫/૨૦૨૬ સુધી ભરવાની રહેશે. સદર સંવર્ગની સીધી ભરતીની જગ્યા માટે ઓનલાઇન અરજી કરવાની રીત, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા દિવ્યાંગતાની કેટેગરીવાઇઝ ભરવાપાત્ર જગ્યાઓ તેમજ અન્ય વિગતવાર જોગવાઇઓ/માહિતી/સૂચના/શરતો દર્શાવતી વિગતવાર જાહેરાત માટે મંડળની કચેરીના નોટીસ બોર્ડ, મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in તથા ઓજસની વેબસાઇટ https://ojas.gujarat.gov.in જોવા જણાવવામાં આવે છે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યાઓ | વર્ગવાર જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા | | | | માજી સૈનિક માટે અનામત જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | A | B | C | D & E | |
| ૦૪/૨૦૨૬–૨૭ | લેબૉરેટરી ટેકનીશિયન | 108 | 40 | 5 | 40 | 8 | 15 | 0 | 6 | 2 | 3 | 3 |
| ૦૬/૨૦૨૬–૨૭ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | 420 | 101 | 48 | 150 | 51 | 70 | 5 | 0 | 8 | 6 | 33 |
| ૦૭/૨૦૨૬–૨૭ | જુનિયર ફાર્માસિસ્ટ | 164 | 78 | 16 | 51 | 08 | 11 | 0 | 2 | 2 | 2 | 11 |
| ૦૮/૨૦૨૬–૨૭ | ફિમેલ હેલ્થ વર્કર | 1948 | 549 | 188 | 686 | 224 | 301 | 31 | 0 | 27 | 23 | 170 |

નોંધ:–

(૧) ઉપરોકત જગ્યાઓની સંખ્યામાં સરકારશ્રીની સૂચનાને આધિન મંડળ જરૂર જણાયે વધ–ઘટ કે ફેરફાર કરી શકશે.

(૨) ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૩) ઉમેદવારોને ઓનલાઇન અરજી કરવા માટે છેલ્લા દિવસો સુધી રાહ નહી જોતા, વહેલી તકે ઓનલાઇન અરજી પત્રકમાં નિયત વિગતો પુરતી ચકાસણી સાથે ભરીને ઓનલાઇન અરજી કન્ફર્મ કરી, કન્ફર્મેશન નંબર (Confirmation Number) મેળવી લેવા જણાવવામાં આવે છે.

(૪) ઇલેકશન કમિશન ઓફ ઇન્ડિયાના પત્ર નં. 437/6/INST/ECI/FUNCT/MCC/2024 (MCC ENFORCEMENT) તા.૦૨/૦૧/૨૦૨૪ના પેરા નં. ૨૨માં દર્શાવેલ સૂચનાઓ અન્વયે વૈધાનિક સંસ્થાને આદર્શ આચાર સંહિતા દરમિયાન ભરતી અંગેની કામગીરી માટે આયોગની પૂર્વમંજૂરી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળએ ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૨૩૫ હેઠળ રચાયેલ વૈધાનિક સંસ્થા છે. જે વિગતો ધ્યાને લઇ, સદર જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૧૭/૧૧/૨૦૨૧ના આદેશથી આદર્શ આચારસંહિતાના અમલીકરણ અંગેની સંકલિત માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. જે ધ્યાને લેતાં, સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાહેરાત સંબંધિત કોઇ સૂચના આયોગ દ્વારા આપવામાં આવેલ ન હોઇ, સદર જાહેરાત અન્વયે આદર્શ આચાર સંહિતામાંથી મુક્તિ મેળવવાની આવશ્યકતા નથી.

તા.૨૯/૦૪/૨૦૨૬ સચિવ

(માહિતી/૧૦૬/૨૦૨૬-૨૭) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ


## આરોગ્ય ક્ષેત્રે પોતાના ૪૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે

# મુંબઈની એસ.એલ. રાહેજા હોસ્પિટલમાં અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ, રોબોટિક સર્જરી સુવિધાનું લોન્ચિંગ

### વર્ષોના અનુભવ, ઊંડી ક્લિનિકલ નિપુણતા અને અદ્યતન ક્ષમતાઓનો અદભૂત સમન્વય




મુંબઈ, તા.૨૮

માહિમ સ્થિત એસ.એલ. રાહેજા હોસ્પિટલે (ફોર્ટિસ એસોસિએટ) આરોગ્ય ક્ષેત્રે પોતાના ૪૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે બે નવી અને મહત્વપૂર્ણ સુવિધાઓ શરૂ કરી છે. એક અત્યાધુનિક હિસ્ટોપેથોલોજી વિભાગ અને રોબોટિક-આસિસ્ટેડ ઓર્થોપેડિક સર્જરી સિસ્ટમ. આ સુવિધાઓનું ઉદ્ઘાટન હોસ્પિટલના ટ્રસ્ટીઓ શ્રીમતી સુમન રાહેજા અને શ્રીમતી જ્યોતિ રાહેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થ ડો. અનિતા બોર્ગીસ દ્વારા સ્થાપિત હિસ્ટોપેથોલોજી વિભાગને તેના અપગ્રેડેડ સ્વરૂપમાં ફરીથી લોન્ચ કરવામાં આવ્યો છે, જે વર્ષોના અનુભવ, ઊંડી ક્લિનિકલ નિપુણતા અને અદ્યતન ક્ષમતાઓનો અદભૂત સમન્વય છે. ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી કેન્સર સંસ્થાઓ દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે સ્વીકૃત આ વિભાગે ૨૦૦૩માં તેની સ્થાપનાથી અત્યાર સુધીમાં ૨,૨૦,૦૦૦ થી વધુ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું છે. આ વિભાગ બાંગ્લાદેશ અને નેપાળ જેવા પાડોશી દેશો તેમજ ભારતના મુખ્ય રાજ્યોમાંથી નમૂનાઓ મેળવે છે, જેમાં લિમ્ફોમા, સ્તન, સોફ્ટ ટીશ્યુ, ગાયનેકોલોજિકલ, બ્લેડર, પ્રોસ્ટેટ, ફેફસાં અને ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ કેન્સર જેવા જટિલ નિદાનનો સમાવેશ થાય છે. અપગ્રેડેડ વિભાગ અદ્યતન ક્વોલિટી કંટ્રોલ અને નિદાન પ્રોટોકોલથી સજ્જ છે જે સચોટ અને ભરોસાપાત્ર પરિણામોની ખાતરી આપશે.દર્દીઓની બહેતર સારવાર માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાના પ્રયાસરૂપે, હોસ્પિટલે ઓર્થોપેડિક રોબોટ પણ રજૂ કર્યો છે. આ રોબોટ સર્જન માટે 'સ્માર્ટ આસિસ્ટન્ટ' તરીકે કામ કરશે અને સર્જરીમાં ચોકસાઈ વધારશે. આ રોબોટિક સિસ્ટમ ખાસ કરીને ઘૂંટણ (UKR) અને થાપાના રિપ્લેસમેન્ટ (THR) માટે વધુ સચોટ એલાઈનમેન્ટ, ઓછી પીડા અને દર્દીઓને ઝડપી રિકવરીમાં મદદરૂપ થશે. આ પ્રગતિના મહત્વ પર ભાર મૂકતા એસ.એલ. રહેજા હોસ્પિટલના સીઈઓ ડો. કુણાલ પુનામિયાએ જણાવ્યું હતું કે, અમારી ૪૫ વર્ષની સફરમાં આ બે લોન્ચિંગ દર્દીઓના નિદાનથી લઈને સારવાર સુધીના અનુભવને બહેતર બનાવવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.હિસ્ટોપેથોલોજી વિભાગના વડા ડો. પ્રવીણ મહાજને આ વિભાગને સ્વર્ગસ્થ ડો. અનિતા બોર્ગીસને સમર્પિત કરતા કહ્યું કે, વર્ષોથી જટિલ કેસોમાં બીજા અભિપ્રાય માટે સમગ્ર દેશમાંથી અમારા પર વિશ્વાસ મૂકવામાં આવે છે. અમારો પ્રત્યેક રિપોર્ટ એક માનવીય વાર્તા અને જવાબદારી છે.


**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

### ભૌતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે , નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| રાઠવા બાવાભાઈ રાઠવા ભારતીબેન ૯૦૦૦૧૩૦૨૭૪૩૪૩૪ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રહેણાંક મકાન આશરે ૫૨.૧૪ ચોરસ મીટર જમીન વિસ્તાર, રેવન્યુ સર્વે નં. ૧૬૫, ૧૬૬, સિટી સર્વે નં. ના–૧૬૫, પ્લોટ નં. ૯૭, ગિરિકૃષ્ણ હોમ્સ, સાગર સ્પ્રિંગ કંપની સામે, મધાસર, તાલુકોઃ હાલોલ, જિલ્લોઃ પંચમહાલ, હાલોલ, ગુજરાત. ૩૮૯૩૫૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૬૬, પૂર્વઃ પ્લોટ નં. ૯૬, પશ્ચિમઃ પ્લોટ નં. ૯૮, દક્ષિણઃ ૭.૫૦ મીટર સોસાયટી રોડ | સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૫ | એપ્રિલ ૨૬, ૨૦૨૬ | રૂ.૧૪,૦૪,૬૪૦.૫૨ (ઓગસ્ટ ૧૨, ૨૦૨૫ ના રોજ) |

સ્થળઃ હાલોલ
તારીખઃ એપ્રિલ ૨૯, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ



**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

### ભૌતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે , નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| વૈભવ જીતુભાઈ સોની<br>શ્રી સુદીપકુમાર જીતુભાઈ સોની<br>શ્રીમતી જાગૃતિ રમેશકુમાર ધમવાણી<br>શ્રી જીતેન્દ્રકુમાર જેન્તીલાલ સોની<br>શ્રીમતી પ્રભાવીબેન જીતેન્દ્રભાઈ સોની<br>૨૦૦૦૩૦૬૦૦૦૩૮૨૪ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે માપન અને બિલ્ટ અપ એરિયા ૬૭.૨૦ ચો. મી, આર.એસ. નંબર ૪૪/૩૦ ૪૪/૩૨ પૈકી ૨, પ્લોટ નંબર ૪૮ પૈકી મધ્યથી ઉત્તર બાજુ, યુનિટ નંબર ૪, દેવ રેસીડેન્સી, રોયલ રેસીડેન્સીની પાછળ, વાવડી બુજર્ગ(સીટી) તાઃગોધરા, જિઃ પંચમહાલ, ગુજરાત ૩૮૯૦૦૧ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ ૭.૪૦ મીટર રોડ, પૂર્વઃ સેઇડ જમીનનો ભાગ, પશ્ચિમઃ પ્લોટ નં. ૪૭, દક્ષિણઃ સેઇડ જમીનનો ભાગ | જૂન ૦૬, ૨૦૨૫ | એપ્રિલ ૨૬, ૨૦૨૬ | રૂ.૧૯,૨૪,૦૫૮.૬૮ (મે ૧૯, ૨૦૨૫ ના રોજ) |
| શ્રી કાંતિભાઈ સોમાભાઈ ચૌહાણ<br>શ્રીમતી પ્રેમીલાબેન કાંતિભાઈ ચૌહાણ<br>શ્રી મિતુલ કાંતિભાઈ ચૌહાણ<br>૨૦૦૦૩૦૬૦૦૦૩૯૬૩<br>૨૦૦૦૩૦૬૦૦૦૪૨૯૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે આશરે ૪૪.૦૦ ચો.મી. ખાટા નં. ૨૧૭૪૧, મહેસૂલ સર્વે નં. ૮૩ પૈકી ૧, પ્લોટ નં. ૭ પૈકી દક્ષિણ બાજુ, તુલસીધામ, સાંપા રોડ, સત્કેવલ મંદિર સામે, મોજેઃ ગોધરા, તાઃ ગોધરા, જિલ્લોઃ પંચમહાલ, ગુજરાત–૩૮૯૦૦૧ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ આ પ્લોટની બાકીની જમીન, પૂર્વઃ અમારી માલિકીની જમીનના ૬.૦૦ મીટર રસ્તાની સીમા, પશ્ચિમઃ સરવે નં. ની સીમા, દક્ષિણઃ પ્લોટ નં. ૬ ની સીમા | ઓગસ્ટ ૨૩, ૨૦૨૪ | એપ્રિલ ૨૬, ૨૦૨૬ | રૂ.૧૧,૯૩,૧૪૮.૧૯ (ઓગસ્ટ ૨૩, ૨૦૨૪ ના રોજ) |

સ્થળઃ ગોધરા
તારીખઃ એપ્રિલ ૨૯, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


## આજીવન નુકસાનની જોગવાઈઓ કરવી પડશે

# ૯૦ દિવસથી વધુ સમય માટે બાકી રહેલી લોનને NPA ગણાશે

નવીદિલ્હી ,તા.૨૮

લાંબા સમયની રાહ અને તૈયારી પછી, બેંકિંગ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર થવાનો છે. RBI એ બેંકો માટે નવા નિયમો જારી કર્યા છે જે ધિરાણથી લઈને નફાના અહેવાલ સુધી બધું બદલી શકે છે. આ નિયમો હેઠળ, ૯૦ દિવસથી વધુ સમય સુધી બાકી રહેલી લોનને દ્ગઁછ (નોન-પર્ફોર્મિંગ એસેટ) ગણવામાં આવશે. RBI એ સંપત્તિ વર્ગીકરણ, દ્ગઁછ જોગવાઈ અને આવક ઓળખ સંબંધિત નવી માર્ગદર્શિકા જારી કરી છે. સૌથી મહત્વપૂર્ણ ફેરફાર અપેક્ષિત ક્રેડિટ લોસ ફ્રેમવર્ક છે. આ હેઠળ, જો બેંકને લાગે કે લોન ભવિષ્યમાં નુકસાન થઈ શકે છે, તો તેણે અગાઉથી ભંડોળ અલગ રાખવું પડશે. પરંતુ હવે નુકસાનની સંભાવનાના આધારે જોગવાઈઓ કરવામાં આવશે.RBI એ ECL-આધારિત ફ્રેમવર્ક અપનાવવા માટે વધુ સમયની અરજીઓને ફગાવી દીધી હતી, અને કહ્યું હતું કે નવી સિસ્ટમ આવતા વર્ષે ૧ એપ્રિલથી જ અમલમાં આવશે. કેન્દ્રીય બેંકે કહ્યું કે બેંકોને નવા ફ્રેમવર્કના અમલીકરણ માટે તેમની આંતરિક પદ્ધતિઓ તૈયાર કરવા માટે એક વર્ષનો સમય આપવામાં આવ્યો છે.બે ભાગમાં વિભાજીત કરવાની રીત પ્રદાન કરી છે. પહેલા ભાગમાં એવા ખાતાઓનો સમાવેશ થશે જે સામાન્ય છે અને આગામી ૧૨ મહિનામાં સંભવિત નુકસાન માટે તેનું મૂલ્યાંકન કરવામાં આવશે.બીજી શ્રેણીમાં એવા ખાતાઓનો સમાવેશ થશે જે પહેલાથી જ ચિંતાજનક સ્થિતિમાં છે. જો ગ્રાહકની નાણાકીય સ્થિતિ નબળી લાગે અથવા ચુકવણીમાં મુશ્કેલીઓ હોય, તો બેંકે સમગ્ર લોન સમયગાળા માટે સંભવિત નુકસાનની ગણતરી કરવી પડશે. બેંકોએ હવે આજીવન નુકસાનની જોગવાઈઓ કરવી પડશે. આનો અર્થ એ છે કે દરેક લોનને હવે ફક્ત સારી કે ખરાબ ગણવામાં આવશે નહીં, પરંતુ વચ્ચેના સમયગાળામાં જોખમી ક્ષેત્રોને પણ ઓળખવામાં આવશે. RBIના નવા નિયમો હેઠળ હવે બીજી તારીખનાં મહત્વ વધી ગયું છે. જો કોઈ લોન ૩૦ દિવસ માટે ડિલિક્વન્ટ થાય છે, તો તેને પ્રારંભિક ચેતવણી સંકેત માનવામાં આવશે. બેંકે તાત્કાલિક સતર્ક રહેવું પડશે. જો તે જ લોન ૯૦ દિવસથી વધુ સમય માટે ડિલિક્વન્ટ રહે છે, તો જૂનો નિયમ લાગુ થશે .

# હવે ૮૦ વર્ષ સુધીની વયના લોકો પણ વીમો લઈ શકશે!




નવી દિલ્હી,તા.૨૮

ભારતીય જીવન વીમા ક્ષેત્રે એક નવીન પ્રયાસ કરવામાં આવ્યો છે. અવિવા ઈન્ડિયાએ નિવૃત્ત થઈ રહેલા અને નિવૃત્તિનું આયોજન કરી રહેલા ગ્રાહકો માટે 'અવિવા સિક્યોર નેસ્ટ એન્યુઈટી પ્લાન' લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પ્લાન મુખ્યત્વે સિંગલ પ્રીમિયમ પેમેન્ટ દ્વારા જીવનભર નિયમિત આવકની ખાતરી આપવા પર કેન્દ્રિત છે. આ યોજનાની સૌથી નોંધપાત્ર વિશેષતા તેની વય મર્યાદા છે. કંપનીએ ૮૦ વર્ષની વય સુધીના વ્યક્તિઓ માટે એન્ટ્રી ઓફર કરી છે, જે તેને વરિષ્ઠ નાગરિકો માટે એક વ્યાપક વિકલ્પ બનાવે છે. આ એક 'નોન-લિંક્ડ' અને 'નોન-પાર્ટિસિપેટિંગ' સિંગલ પ્રીમિયમ પ્લાન છે, જેનો અર્થ છે કે બજારના ઉતાર-ચઢાવની અસર પેન્શનની આવક પર પડશે નહીં. કવરેજ મોડલમાં ગ્રાહકો 'સિંગલ લાઈફ' અથવા 'જોઈન્ટ લાઈફ' કવરેજ પસંદ કરી શકે છે. નોમિની માટે વારસાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'રિટર્ન ઓફ પર્ચેઝ પ્રાઈસ'નો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. પેઆઉટ ફ્રિકવન્સીમાં ફ્લેક્સિબિલિટી આપવામાં આવી છે.

## સેન્સેક્સ ૭૬,૮૮૭ પર બંધ નિફ્ટી પણ ૯૭ પોઈન્ટ તુટ્યો

મુંબઈ : ૨૮ એપ્રિલના રોજ, સેન્સેક્સ ૪૧૭ પોઈન્ટ (૦.૫૪%) ઘટીને ૭૬,૮૮૭ પર બંધ થયો. નિફ્ટી પણ ૯૭ પોઈન્ટ) ઘટીને ૨૩,૯૯૬ પર બંધ થયો. બેંકિંગ, ઓટો અને આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૯ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે.


### પશ્ચિમ રેલવે દ્વારા બે જોડી સાપ્તાહિક વિશેષ ટ્રેનોના પ્રવાસનો સમય વધારવામાં આવ્યો છે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | દોડવાના દિવસો | વધારેલ સમય સુધી |
|---|---|---|---|
| ૦૯૦૭૫ | મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ | બુધવાર | ૧૩.૦૫.૨૦૨૬ |
| ૦૯૦૭૬ | કાઠગોદામ - મુંબઈ સેન્ટ્રલ | ગુરુવાર | ૧૪.૦૫.૨૦૨૬ |
| ૦૯૪૪૭ | અમદાવાદ - પટણા | બુધવાર | ૧૩.૦૫.૨૦૨૬ |
| ૦૯૪૪૮ | પટણા - અમદાવાદ | શુક્રવાર | ૧૫.૦૫.૨૦૨૬ |

સમય, રોકાણ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૦૭૫ અને ૦૯૪૪૭ માટે વધારેલ મુસાફરી માટેની બુકિંગ ૨૯.૦૪.૨૦૨૬થી તમામ PRS કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા સાથે વિશેષ ટ્રેન તરીકે ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

### મેગા ઈ–હરાજી વેચાણ નોટીસ

રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ–૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫
ઈ–મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

ઈ–હરાજી તા.૦૪.૦૬.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦
નિરીક્ષણ તા. ૦૨જી અને ૩જી જુન ૨૦૨૬ (સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ–હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારઓ/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જયાં છે, ત્યાં છે તેવી', જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in / https://www.ibapi.in જુઓ.

| અ.નં | શાખાનું નામ | દેવાદારોનું નામ / જામીનદારોનું નામ | મિલકતના માલિકનું નામ | મિલકતોનું વર્ણન (તમામ બોજા મુકત) | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/પ્લોટ/જમીન) / કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ) | બાકી લેણાં (લાખમાં) | રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં) | સંપર્ક વ્યકિતનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અંકલેશ્વર | શ્રી શીતલ ચંદ્ર મંડલ | શ્રી શીતલ ચંદ્ર મંડલ | 'દર્શનમ સેલેસ્ટિયલ' રહેણાંકનો બંગ્લોઝ નં. બી–૨૧, સ્નેહ રેસીડન્સી પાછળ, જેનો રેવન્યુ સર્વે નં. ૧૧૪૬, જુનો રેવન્યુ સર્વે નં. ૧૭૦૬, ૧૭૧૧, એરીયા માપ ૨૯૭.૨૯ ચો.મી, વેચાણ દસ્તાવેજ મુજબ (જી.એફ – ૧૪૦.૨૯, એફ.એફ–૧૩૮.૦૫ ચો.મી, એસ.એફ–૭૮.૭૩ ચો.મી, વુડા નો મંજુર થયેલ કુલ ફલોર એરીયા–૩૫૭.૦૭ ચો.મી) પ્લોટ એરીયા માપ ૨૯૭.૨૯ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા જમીન કોમન રોડ અને કોમન પ્લોટ માપ ૯૯.૫૫ ચો.મી, કુલ માપ ૩૯૬.૮૪ ચો.મી અને કુલ બાંધકામ નું માપ ૩૩૦.૭૫ ચો.મી, મોજે ભાયલી, વડોદરા, ભાયલી મ્યુનીશીપાલ્ટી, ભાયલી સીટી, જી. વડોદરા, રાજય ગુજરાત ઈન્ડીયા પીન કોડ ૩૯૧૪૧૦ ખાતે શ્રી શિતલ ચંદ્ર મંડલ આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : બંગ્લોઝ નં. બી– ૨૦, **પશ્ચિમ તરફ** : બંગ્લોઝ નં. બી–૨૨, **ઉત્તર તરફ** : બંગ્લોઝ નં. એ–૨૭, **દક્ષિણ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ આવેલ છે. | રહેણાંકનો બંગ્લોઝ / સાંકેતિક કબજો | રૂા.૧૮૧.૦૭ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ | ૧) ૨૬૪.૦૦<br>૨) ૨૬.૪૦<br>૩) ૦.૧૦ | શ્રી મુકેશ કુમાર બૈન ૯૦૯૯૦૦૭૪૨૦ |

નિયમો અને શરતો : ૧) મિલકત સાંકેતીક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી થી સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે. ૨) બેંક ફકત સાંકેતિક કબજા ની રીતે જ મિલકતનો કબજો સોપશે. સફળ બિડર્સ/ ખરીદનાર બેંક પાસેથી ભૌતિક/પ્રત્યક્ષ કબજો મેળવવાના દાવો કરી શકશે નહી. ૩) પ્રત્યક્ષ કબજો સોંપવા માટે જવાબદાર અથવા ફરજ થી બંધાયેલ રહેશે નહી. ૪) સફળ હરાજી ખરીદનાર કોઈપણ કેશ માં પરત કરેલ પૈસા ઉપર કોઈપણ વ્યાજ નો દાવો કરવા માટે હકદાર રહશે નહી. ૫) સફળ હરાજી ખરીદનાર ઈ હરાજી પછી તરત જ ઉપરોકત નિયમો અને શરતોની પુષ્ટિ કરતુ ઘોષણાપાત્ર કમ અંડરટેકિંગ સબમીટ કરવાનુ રહશે. ૬) વેચાણ પછી જો સફળ બિડર ઘોષણાપત્ર કમ અન્ડરટેકીંગ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો બીડની રકમ જપ્ત કરવામાં આવશે.

**સરફેસી કાયદા હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને ૩૦ દિવસની કાનુની વેચાણ નોટીસ**

વેચાણ અંગેની શરતો માટે સાથે આપેલ લીંક https:// www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com ઉપર જુઓ.
(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

Scan QR Code

તા.૨૯.૦૪.૨૦૨૬ । સ્થળ : ભરૂચ. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા